# વાલીને શાળાનો વેવાઈ ગણવો જોઈએ.

આપણા ભારત જેવા દેશમાં વર્ગખંડમાં વિદ્યાર્થી સંખ્યા અને શિક્ષક સંખ્યાનું પ્રમાણ જોતાં મોટી ખાઇ જોવા મળે છે. પરિણામ સ્વરૂપ વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વિવિધ પ્રકારના સંબંધો અને સહયોગમાં પણ તેની નકારાત્મક અસર ડોકાઇ આવે છે. આ મર્યાદાને કારણે શિક્ષકો વિદ્યાર્થી પાસે ધાર્યું અને પૂરતું કામ કરાવી શકતા નથી. જેથી વિદ્યાર્થીના સર્વાંગી વિકાસની કલ્પના અધૂરી જ રહી જાય છે. તેવા સંજોગોમાં શિક્ષણ સાથે સંકળાયેલ માનવબળમાં વાલીની ભૂમિકા ખૂબ જ અગત્યની ગણી શકાય. શાળા માટે વાલીનો સહયોગ અનિવાર્ય થઇ પડે છે. આવા સંજોગોમાં શાળાએ વાલીઓને શિક્ષણક્ષેત્રે આકર્ષવા તેમજ તેમના જ બાળકના શિક્ષણમાં રસ લેતા કરવા માટેના ચોક્કસ દિશાના પ્રયત્નો કરવા પડે જ. એકવાર શાળામાં આવેલ વાલી અવારનવાર શાળામાં આવે તે માટે સતત નવીનતાભર્યા અને હૂંફાળા પ્રયાસો શાળાએ કરવા પડશે.

ઉપરોક્ત બાબત એક વાસ્તવિકતા હોવાં છતાં કેટલીક શાળાઓમાં વાલી શાળામાં આવે તે માટે નહીં પણ વાલી શાળામાં ક્યારેય ન આવે તેવા પ્રયત્નો પણ થતાં હોય છે. તેમના મતે વાલી જેટલા પ્રમાણમાં શાળામાં આવશે તેટલા પ્રમાણમાં શાળાએ વધારે પરેશાની ઉઠાવવી પડશે. તેઓ પોતે પોતાના સ્વાર્થભર્યાં મતમાં અને કાર્યમાં એવાં તો અડગ રહેવાં માંગે છે કે જેથી વાલીને શાળામાં આવકારવાં કરતાં ધુત્કારવાં જ વધુ સલામતી માને છે. બીજી બાજું અન્ય વાસ્તવિકતા એ પણ છે કે શાળા દ્વારા વાલીનો જેટલા પ્રમાણમાં વધુ સહયોગ મેળવવામાં આવે તેટલા પ્રમાણમાં બાળકનો સર્વાંગી વિકાસ વધુ પ્રમાણમાં સાધી શકાશે. માટે જ શાળાએ વાલીને આવકારવા જોઇએ અને આકર્ષવા પણ જોઇએ.

વાલી શાળામાં આવે ત્યારે તેને મીઠો આવકાર મળવો જોઇએ. તેની સાથે સહૃદયતાથી વાત કરવી જોઇએ. ભારતીય સમાજમાં જેમ દીકરી/દીકરાનો બાપ દીકરા/દીકરીના ઘેર જાય ત્યારે વેવાઇ તરીકે તેને જે રીતે સત્કારવામાં આવે છે, જેટલું માનપાન આપવામાં આવે છે, તેટલું જ માનપાન વાલીને શાળામાંથી મળવું જોઇએ. વાલીએ શાળાનો વેવાઇ ગણાવો જોઇએ. એક વેવાઇ સાથે જે પ્રકારનું વર્તન કરવામાં આવે છે તેવું વર્તન વાલી સાથે થવું જોઇએ. એક વેવાઇ જેમ પોતાની દીકરીના ખબર અંતર પૂછવા માટે આવે અને જે વર્તન તેની સાથે કરવામાં આવે છે તેવું જ હકારાત્મક વર્તન વાલી સાથે પણ કરવું જોઇએ. શાળામાં આવતો દરેક વાલી પણ પોતાના બાળકના વિવિધ પ્રકારના સમાચાર-માહિતી મેળવવા માટે આવે છે. આમ વાલીની પણ એક આગવી અપેક્ષા હોય છે. તેની આ અપેક્ષા સંતોષાય તેવા દિલપૂર્વકના પ્રયત્નો શાળા દ્વારા થવા જોઇએ. દીકરીના બાપ માટે દીકરીનું સાસરીયું જેટલું મહત્વનું છે તેટલી જ

મહત્ત્વતા એક વાલી પોતાના બાળકની શાળા માટે ધરાવે છે. આપણાં ઘેર આવતાં મહેમાનની સાથેના આપણાં વર્તન વ્યવહારને આધારે જ સંબંધો વિકસે છે અથવા તો તૂટે છે. તેવી જ રીતે વાલી સાથેના શિક્ષકના સંબંધોમાં પણ તેજ સિદ્ધાંત જોવા મળે છે. શાળા દ્વારા થતાં નાનામોટા દરેક વ્યવહારની નોંધ વાલી લે છે. જેની અસર બાળક પર પણ થાય છે. એક શિક્ષકના વાલી સાથેના હકારાત્મક કે નકારાત્મક વર્તનની અસર બાળકના શિક્ષક સાથેના વર્તનમાં પણ ડોકાય છે. જો શિક્ષકનું વર્તન વાલી સાથે હકારાત્મક હશે તો તે વાલીનું બાળક પણ જે તે શિક્ષક માટે હકારાત્મક વલણ દાખવશે અને જો શિક્ષકનું વર્તન વાલી સાથે નકારાત્મક હશે તો બાળક પણ શિક્ષક માટે નકારાત્મક અભિગમ દાખવશે. શિક્ષકના વર્ગખમડ શિક્ષણ દરમિયાન શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેના સંબંધો અને એકબીજા માટેના અભિગમની ખૂબ જ મોટી અસર થતી હોય છે. જે શ્રોતાને વક્તા માટે માન જ ન હોય તો તે વક્તા ગમે તેટલો સારો-પ્રખ્યાત-હોશિયાર હોય તો પણ શ્રોતાને તેની વાત ગળે ઉતરતી જ નથી. શ્રોતાને પેલો વક્તા સાંભળવો જ ગમતો હોતો નથી. તેનાથી ઉલ્ટું જો શ્રોતાને વક્તા માટે માન હશે તો ડફોળ વક્તાને પણ તે ધ્યાનથી સાંભળશે. માટે જ શિક્ષકે ઈરાદાપૂર્વકના એવા તમામ પ્રયત્નો કરવા જોઇએ કે જેથી દરેક વિદ્યાર્થીને શિક્ષક માટે માન હોય.

શાળામાં આવતા વાલીને મહેમાન ગણીને તેને આવકારવામાં શિક્ષકની જ મહાનતા છૂપાયેલી છે. શાળાને જાણ કર્યા વગર આવતાં વાલીને અતિથિ ગણી તેની સાથે પણ યોગ્ય વર્તન દાખવવું જોઇએ. શિક્ષકે વાલીને આવકાર આપી સમય ફાળવવો જોઇએ. વાલીને સાંભળવો જોઇએ. તેના હાથમાં હાથ મિલાવવા જોઇએ. તેના દુ:ખે દુ:ખી થઇને તેની અપેક્ષા જાણી પૂરી નમ્રતા અને પૂરા વિશ્વાસ સાથે આંખમાં આંખ મિલાવી વાત કરવી જોઇએ. એટલું જ નહીં વાલીને એવો અહેસાસ થવો જોઇએ કે તેનું સાંભળનાર કોઇ છે. તેના બાળકના વિકાસમાં શાળા અને શિક્ષકને પૂરો રસ છે. રડતાં મોઢે આાવેલો વાલી હસતાં મોઢે જાય તેવું વર્તન શાળા દ્વારા થવું જોઇએ. દરેક વાલી માટે તેનું બાળક અનન્ય હોય છે, તે વાતનો સ્વીકાર કરી તેને માનપાન સાથે આવકારો અને જાય ત્યારે ચોક્કસ વિશ્વાસ સાથે વિદાય આપો. શિક્ષક જેમ વાલી પાસે કેટલીક અપેક્ષા રાખો છો તેમ વાલી પણ શિક્ષક પાસે કેટલીક અપેક્ષા રાખતો હોય છે. અપેક્ષા સંતોષવાની શરૂઆત શિક્ષક પક્ષે થવી જોઇએ. જેનો ચેપ વાલીને લાગશેજ.

ખાસ કરીને શાળામાં અભ્યાસ કરતાં બાળકોના વાલી શાળામાં જતાં જોવા મળે છે. પણ કોલેજ કક્ષાએ ખૂબ જ ઓછા પ્રમાણમાં આ ઘટના જોવા મળે છે. આમ છતાં ઓછી ઘટના વચ્ચે આવતો દરેક વાલી ખૂબ જ મોટી અપેક્ષા સાથે આવતો હોય છે. પુખ્તવયના વિદ્યાર્થી સાથેના અધ્યાપકના વર્તનની તેના માનસ પર મોટી અસર થાય છે. જે ક્યારેક તેની ફિલસૂફીને પણ બદલી નાંખે છે. આવા પુખ્તવયના બાળકના વાલી ભાગ્યેજ કોલેજના દરવાજે

આવતા હોય છે, પણ આવે ત્યારે મોટાભાગે પોતાના પુખ્ત બાળકની સમસ્યા અંગે જ આવતા જોવા મળે છે. કોલેજ કક્ષાના વિદ્યાર્થીના પ્રશ્નો પણ જુદા પ્રકારના હોય છે. આવા સંજોગોમાં અધ્યાપકે ચોક્કસ સમય ફાળવી વાલીને સહકાર આપવો જોઇએ. અહીં ધીરજની પણ આવશ્યકતા હોય છે, જરૂર પડે અધ્યાપકે લાંબા સમય સુધી કાઉન્સેલીંગ પણ કરવું પડે. વિદ્યાર્થી સાથેના કાઉન્સેલીંગ અને વાલી સાથેના કાઉન્સેલીંગમાં ઘણો તફાવત જોવા મળે છે. આમ છતાં મોટાભાગના વાલી પોતે શિક્ષક-અધ્યાપકમાં ઊંડો વિશ્વાસ ધરાવીને આવતા હોય છે. તેમના આ વિશ્વાસને તૂટવા ન દેવો તે શાળા-કોલેજની નૈતિક ફરજ બની રહે છે. અંતે મિત્રો આપણું ગુજરાતી કાવ્ય યાદ કરો.... "એજી તારા આંગણીયાં પૂછીને કોઇ આવે તો આવકારો મીઠો આપજે રે....."